અપીલ અરજી નં.૪૦૦ તા.૧૬–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રીમતી અમૃતા મુકેશ જરીવાલા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી અમૃતા મુકેશ જરીવાલાની તા. ૨૨–૯–૧૧ની અરજીથી મોજે આંજણા, રે.સર્વે નં. ૫૩ પૈકી, ટી.પી.સ્કીમ નં.૭, એફ.પી.–૧૨૬માં આવેલ પ્લોટ નં. ૧૧, કૈવલકૃપા ઈન્ડ. સોસાયટી, જીવન જયોત સિનેમાની પાછળ, ભાઠેના (ટેનામેન્ટ નં 41A-21-1091-0-001,નોંધ નં.53PAI TP-7 FP-126 PL NO-11) થી નોંધાયેલ મિલકત બાબતે નીચે મુજબ માહિતી આપશોજી મુદ્દા નં.(૧) ઉપરોકત મિલકત ( ટેનામેન્ટ નં. 41A-21-1091-0-001,નોંધ નં.53PAI TP-7 FP-126 PL NO-11) માં ઈશ્વરીબેન ગુલાબદાસ ખસી કે તેમના પરિવારના સભ્યનું નામ માલિક તરીકે/ કબજેદાર તરીકે કઈ તારીખથી દાખલ કરેલ છે તે નામ દાખલ કરવા માટે થયેલ અરજી તથા તે સાથે સામેલ તેના આધાર પુરાવા દર્શાવતા તમામ કાગળ/પત્રોની નકલો તથા તેના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકા તરફથી જવાબો (પેપર્સ)વિ.ની દરેકની નંગ–૧ નકલો વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૦/૨૦૧૧–૧૨

શ્રીમતી અમૃતા મુકેશ જરીવાલાની તા. ૨૨–૯–૧૧ની અરજીથી મોજે આંજણા, રે.સર્વે નં.૫૩ પૈકી, ટી.પી.સ્કીમ નં.૭, એફ.પી.–૧૨૬માં આવેલ પ્લોટ નં. ૧૧,કૈવલકૃપા ઈન્ડ.સોસાયટી, જીવન જયોત સિનેમાની પાછળ,ભાઠેના ( ટેનામેન્ટ નં. 41A-21-1091-0-001,નોંધ નં.53PAI TP-7 FP-126 PL NO-11) થી નોંધાયેલ મિલકત બાબતે નીચે મુજબ માહિતી આપશોજી મુદ્દા નં.(૧) ઉપરોકત મિલકત (ટેનામેન્ટ નં. 41A-21-1091-0-001,નોંધ નં.53PAI TP-7 FP-126 PL NO-11)માં ઈશ્વરીબેન ગુલાબદાસ ખસી કે તેમના પરિવારના સભ્યનું નામ માલિક તરીકે / કબજેદાર તરીકે કઈ તારીખથી દાખલ કરેલ છે અને તે નામ દાખલ કરવા માટે થયેલ અરજી તથા તે સાથે સામેલ તેના આધાર પુરાવા દર્શાવતા તમામ કાગળ/પત્રોની નકલો તથા તેના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકા તરફથી થયેલ જવાબો (પેપર્સ) વિ.ની દરેકની નંગ–૧નકલો વિ.મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી માહિતી નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૩ તા.૨૩–૧૧–૧૧ થી** સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ આ.નં.૨૭૪૨ તા.૨૨–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૧૨૭ તા.૨૩–૯–૧૧ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ./આ.નં.૨૭૪૨ તા.૨૨–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૨–૯–૧૧ ની અરજીથી મોજે આંજણા, રે.સર્વે નં.૫૩ પૈકી, ટી.પી.સ્કીમ નં.૭, એફ.પી.–૧૨૬માં આવેલ પ્લોટ નં. ૧૧,કૈવલકૃપા ઈન્ડ.સોસાયટી, જીવન જયોત સિનેમાની પાછળ,ભાઠેના ( ટેનામેન્ટ નં. 41A - 21- 1091-0-001,નોંધ નં.53PAI TP-7 FP-126 PL NO-11) થી નોંધાયેલ મિલકત બાબતની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૨૭ તા.૨૩–૯–૧૧ થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ નહીં મળતાં નારાજ થઈ તા.૧૬–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ તથા વિના મૂલ્યે

માહિતીની માંગણી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન તરફથી નિયત સમય અવધિ બાદ પત્ર નં.સા.ઈ.ઝોન/આકા./આ.નં.૨૭૪૨ તા.૨૨–૧૨–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) ઉપરોકત મિલકત (ટેનામેન્ટ નં. 41A-21-1091-0-001,નોંધ નં.51PAI TP-7 FP-126 PL NO-11)માં ઈશ્વરીબેન ગુલાબદાસ ખસી કે તેમના પરિવારના સભ્યનું નામ માલિક તરીકે / કબજેદાર તરીકે કઈ તારીખથી દાખલ કરેલ છે અને તે નામ દાખલ કરવા માટે થયેલ અરજી તથા તે સાથે સામેલ તેના આધાર પુરાવા દર્શાવતા તમામ કાગળ/પત્રોની નકલો તથા તેના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકા તરફથી થયેલ જવાબો (પેપર્સ) વિ.ની દરેકની નંગ–૧નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેના નં.૪૧એ–૨૧ –૧૦૯૧ –૦–૦૦૧ માં ઈશ્વરીબેન ગુલાબદાસ ખસીનું નામ માલિક તરીકે એફ.ડી.ટી. નં.૯ તા.૧–૫–૦૭ થી મ્યુ. આકારણી દફતરે દાખલ કરેલ છે. જેના માલીકી પુરાવા આ સાથે સામેલ કરેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) ઉકત મિલ્કતમાં ઈશ્વરીબેન ગુલાબદાસ ખસીનું નામ દાખલ થયા બાદ અન્ય કોઈ પણ વ્યકિતએ આજ દિન સુધી માલીકીમાં ફેરફાર કે અન્ય બાબતે ઉકત મિલ્કત વિશે કોઈ પણ અરજી કરેલ હોય અને તે અરજીઓના અનુસંધાનમાં મનપા ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય કે તે અંગે કોઈ નિર્ણય/ નિકાલ થયો હોય તો તેની નકલો તથા તેના નિર્ણય/નિકાલ ના થયા હોય તો તેના કારણો અને તેનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઈશ્વરીબેન ગુલાબદાસ ખસીનું નામ આકારણી દફતરે દાખલ થયા પછી સદર મિલ્કતમાં નામફેર કરવા બાબતે આજ દિન સુધી કોઈ અરજી લીંબાયતઝોન ખાતે મળેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ઉકત મિલ્કતનો ઉપયોગ ઈશ્વરીબેન ગુલાબદાસ ખસી ધ્વારા માલિક તરીકે જોડાયા બાદ થી આજ દિન સુધી MILL WEAVING તરીકે કે અન્ય કઈ રીતે થાય છે? માલિક ધ્વારા થાય છે કે અન્ય ભાડુઆત ધ્વારા? જો ભાડઆત તરીકે થતો હોય તો તેનો મનપાના વેરામાં સમાવેશ કરવામાં આવેલ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતના ભોંય તળિયામાં ભાડુત તરીકે ઓમ ટેક્ષ. રોલપ્રેસ મશીન–કારખાનુ ચલાવતા હોય અને પ્રથમ તેમજ બીજા માળે ભાડુત તરીકે પાર્થ ક્રીએશન એમ્બ્રોડરી તરીકે ઉપયોગ કરતાં હોય ભાડુત તરીકે મ્યુ. આકારણી દફતરે દાખલ કરેલ છે. જેના પાર્ટી સ્ટેટસ આ સાથે સામેલ છે. આ સાથે વેચાણ દસ્તાવેજની કોપી તથા ગુમાસ્તાધારા લાયસન્સની કોપી અને ભાડુઆતના પાર્ટી સ્ટેટસ પાના નંગ–૧ થી ૧૪ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૩ ની નકલો સહિતની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૯–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નકલો સહિત પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રીમતી અમૃતા મુકેશ જરીવાલા,